દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ યથાવત : ઉંમરપાડામાં ૭ ઈંચ

અંકલેશ્વરમાં પાંચ ઇંચથી વધુ વરસાદ : નેત્રંગ, સાગબારા, હાંસોટમાં ચાર ઇંચથી વધારે વરસાદ : ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં વરસાદી માહોલ

અમદાવાદ, તા.૨૦

દક્ષિણ ગુજરાતમાં આજે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાતના ઉંમરપાડામાં સાત ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. સુરત જિલ્લામાં આ વિસ્તારમાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. બીજી બાજુ અંકલેશ્વરમાં પાંચ ઈંચ, નેત્રંગ, સાગબારા, હાંસોટમાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો હતો જ્યારે દાહોદમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાંબકયો હતો. વાળિયા અને માંગરોળમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો હતો. ભરુચ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. ડેડિયાપાડામાં ત્રણ ઈંચથી આસપાસ વરસાદ નોંધાયો છે. અસરગ્રસ્ત તમામ વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યથાવતરીતે જારી છે. ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં મેઘરાજાએ તબાહી અને તારાજી સર્જયા બાદ કંઈક અંશે જોર ધીમું પાડતાં ત્યાંના લોકોએ ભારે રાહતનો દમ લીધો હતો. બીજીબાજુ, હવે મેઘરાજાએ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પોતાની કૃપા વરસાવવાનું છેલ્લા બે દિવસથી શરૂ કર્યું છે. જેમાં આજે અમદાવાદ, મહેમદાવાદ, વડોદરા, બનાસકાંઠામાં દાંતા, પાલનપુર, બાયડ, મોડાસા, ખેડબ્રહ્મા, વિજયનગર સહિતના પંથકમાં આજે પણ ધોધમાર વરસાદ નોંધાયો હતો. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. રાજયમાં આજે સૌથી વધુ વરસાદ દાંતામાં પાંચ ઈંચથી વધુ, મહેમદાવાદમાં પાંચ ઈંચ, વઘઈ અને શહેરામાં પણ પાંચ-પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજયના ૮૪ તાલુકાઓમાં આજે નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના પંથકોમાં ગઈકાલથી મેઘરાજાએ આઠ-નવ દિવસની ધમાકેદાર ઈનીંગ બાદ કંઈક અંશે વિરામ લીધો હતો અને મોટાભાગના વિસ્તારોમાં વરસાદનું જોર ઘટયુ હતુ. મેઘરાજાએ પોરો ખાતાં અને વરસાદી જોર ઘટતાં પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી હવે ધીરે ધીરે વરસાદના અને પૂરના પાણી ઓસરી રહ્યા છે. બીજીબાજુ, મેઘરાજાએ આજે પોતાનો રૂટ જાણે બદલ્યો હોય એમ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં પોતાની મહેર વરસાવી હતી. જો કે, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાએ હળવા ઝાપટા ચાલુ રાખ્યા હતા. પરંતુ રાજયમાં આજે સૌથી વધુ વરસાદ ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠાના દાંતામાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. તો, મહેમદાવાદ, વઘઈ, શહેરા સહિતના તાલુકાઓમાં પણ પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાતા લોકો ખુશખુશાલ બન્યા હતા અને વરસાદી માહોલની મોજ માણતાં નજરે પડયા હતા. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, આજે તા.૨૦-૭-૨૦૧૮ના રોજ સવારે સાત વાગ્યે પૂરા થતાં ૨૪ કલાક દરમ્યાન ધનસુરા તાલુકામાં ૧૨૦ મિમી, ભિલોડામાં ૧૧૫ મિમી, ખેરગામ-સતલાસણામાં ૧૧૨ મિમી, ખંભાતમાં ૧૦૯ મિમી, વાંસદામાં ૧૦૫ મિમી, વલસાડમાં ૧૦૧ મિમી, ડાંગમાં ૯૯ મિમી મળી કુલ આઠ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો., જયારે આ સિવાય ઈડર, ધોલેરા, છીકળી, પારડી, આંકલાવ, કપરાડા, બેચરાજી-માલપુર, છોટાઉદેપુર-દેવગઢ બારિયા સહિતના કુલ ૨૦ તાલુકાઓમાં બે ઈંચથી વધુ અને અન્ય ૩૭ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. દરમ્યાન આજે સવારે આઠથી દસ વાગ્યા દરમ્યાન સતલાસણા તાલુકામાં બે ઈંચથી વધુ અને ખેરગામ, વાંસદા, ધરમપુર, પાટડી, ફતેપુરા, વઘઈ, માંડવી, અમીરગઢ, કપરાડા, વલસાડ, દાહોદ, ઝાલોદ મળી કુલ ૧૨ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જેને પગલે સ્થાનિક પ્રજાજનો અને ખેડૂતોએ ભારે ખુશીની લાગણી વ્યકત કરી હતી.

સાબરકાંઠા એલસીબીએ ૩૦ ચોરીના બાઈક સાથે બેને ઝડપ્યા

સાબરકાંઠા-બનાસકાંઠા અને મહેસાણા જીલ્લામાંથી બાઈકો ચોરી થયેલા

સાબરકાંઠા, બનાસકાંઠા તથા મહેસાણા જિલ્લામાં મોટરસાયકલ ચોર કરી તરખાટ

મચાવનાર કોટડા ગેંગના બે આરોપીઓને ચોરીના કુલ ૩૦ મોટર સાયકલ સાથે સાબરકાંઠા એલસીબીએ ખેડબ્રહ્માના ખેરોજથી ઝડપી લીધા હતા.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લામાં ચોર ઈસમો દ્વારા મોટર સાઈકલોની ચોરીઓના બની રહેલ બનાવો અંકુશમાં લેવા તથા શોધી કાઢવા માટે સૌરભસિંઘ પોલીસ અધિક્ષક સાબરકાંઠા નાઓએ એલ.સી.બી ટીમને બાતમી મેળવી તેમજ કડક વાહન ચેકીંગ/વોચ રાખી આવા ગુન્હાઓ શોધી કાઢવા આપેલ સુચના આધારે વી.યુ.ગડરીયા, ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એલ.સી.બી નાઓએ તથા એલ.સી.બી. સ્ટાફના એ.એસ.આઈ. વિષ્ણુભાઈ અમરાજી તથા અ.હેડ કોન્સ. રાકેશભાઈ સુરમાજી તથા અ.હેડ કોન્સ જુલીયટકુમાર ધનજીભાઈ તથા અ હેડકોન્સ હરપાલસિંહ હરીચન્દ્રસિંહ તથા અ.હેડ કોન્સ. વિષ્ણુસિંહ શેતાનસિંહ તથા

અ.પો.કો. વિક્રમસિહ મંગળસિંહ આ.પો.કો. સનતકુમાર ધીરુભાઈ તથા આ.પો.કો. ભાવેશકુમાર પશાભાઈ એ રીતેના ખેરોજ પો.સ્ટે. વિસ્તારમાં ખેરોજ ત્રણ રસ્તા ઉપર વાહન ચેકીંગમાં હતા દરમ્યાન કોટડા તરફના રોડેથી બે ઈસમે બજાજ કંપનીના નંબર વગરના મોટરસાયકલ ઉપર આવતાં ઉભા રાખી નામઠામ પુછતાં (૧) શકીલભાઈ રફીકભાઈ શેખ (૨) જસવંતસિંહ હડમતસીંગ ચૌહાણ બંને રહે. કોટડા છાવણી તા. કોટડાછાવણી જી. ઉદેપુર (રાજસ્થાન) ના હોવાનુ જણાયેલ અને સદર બંને ઈસમોની પુછપરછ કરતાં પોતાના કબજાનુ નંબર વગરનુ મોટર સાયકલ ખેડબ્રહ્મા એસ.ટી. સ્ટેન્ડ પાસેથી ચોરેલ હોવાની હકીકત જણાવેલ જે બાબતે ખેડબ્રહ્મા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૨૩/૧૮ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. અને આ કામના આરોપીઓની પુછપરછ દરમ્યાન પકડેલ આરોપીઓએ તથા તેઓના સાગરીતોએ મળી સાબરકાંઠા.,બનાસકાંઠા અને. મહેસાણા જીલ્લામાંથી ચોરી કરેલ નીચે મુજબની મોટર સાયકલો કુલ કિંમત રૂ ૫,૭૦,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે. અને આરોપીઓને સી.આર.પી.સી. કલમ ૪૧(૧) (ડી) મુજબ અટક કરી આરોપી તથા મોટર સાયકલો ખેરોજ પો.સ્ટે. આગળની કાર્યવાહી માટે સોપવામાં આવેલ છે.

વરસાદમાં ઝાડ પડતા અણીયોરના અગ્રણી વેપારીનું મોત નિપજતા સજ્જડ બંધ રાખી શ્રદ્ધાંજલિ

અરવલ્લી જીલ્લામાં ગુરુવારે સાંજના સુમારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરવાની સાથે જાનલેવા સાબિત થતા લોકોમાં ચિંતા પ્રસરી હતી. માલપુરના અણીયોર ગામના અગ્રણી વેપારી ડાહ્યાભાઈ પંચાલનું મોડાસા નજીક ડુંગરવાડા પાસે બાઈક પર ધોધમાર વરસાદમાં ઝાડ પડતા દટાતા આકસ્મિક મોત નિપજતા માલપુર અને અણીયોર પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. મૃતક અગ્રણી વેપારીના માનમાં ગામમાં નાના મોટા ધંધા રોજગાર ધરાવતા વેપારીઓએ સજ્જડ બંધ પડી શ્રદ્ધાંજલિ અર્પી હતી અને પ્રાર્થનાસભા યોજી હતી માલપુર તાલુકામાં બે દિવસના ગાળામાં બે વેપારીઓના અકસ્માતમાં મોત નિપજતા શોકમગ્ન માહોલ જોવા મળ્યો હતો.

વડગામના માલોસણા ગામે ઠાકોરસેના પર બુટલેગરોનો જીવલેણ હૂમલો

વડગામ તાલુકાના માલોસણા ગામે અગાઉ દારૂ બંધ કરાવ્યો હોવાની અદાવતમાં બુટલેગરોએ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ સાંસ્કૃતિક સેલના મંત્રી ઉપર તિક્ષ્ણ હથિયારો વડે જીવલેણ હૂમલો કરતાં ચકચાર મચી જવા પામી છે. ઈજાગ્રસ્ત યુવકને ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં વર્તમાન સમયે પોલીસ દ્વારા બુટલેગરો ઉપર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને ગ્રામિણ વિસ્તારોમાં આવા તત્વોને ઝડપી લેવામાં આવી રહ્યા છે. સ્થિતિમાં વડગામ તાલુકાના માલોસણા ગામે અગાઉ દારૂ બંધ કરાવ્યો હોવાની અદાવત રાખી બુટલેગરોએ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ સાંસ્કૃતિક સેલના મંત્રી વિરાજી ઠાકોર ઉપર બુધવારે તિક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હૂમલો કર્યો હતો. ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પડતર માંગણીઓ સંદર્ભે પાલનપુર રેલવે સ્ટેશને ચાલુ નોકરીએ ઉપવાસ કરી ટ્રેનચાલકોએ કરી ગાંધીગીરી

પાલનપુર, તા. ૨૦

રેલવે વિભાગમાં ફરજ બજાવતાં ડ્રાયવર, ગાર્ડ સહિતના કર્મચારીઓને પી.એફ. તેમજ સાતમા પગારપંચનો અમલ ન કરી અન્યાય કરવામાં આવી રહ્યો છે. જેના વિરોધમાં આ કર્મચારીઓ છેલ્લા ચોવિસ કલાકથી ગાંધીગીરી આદરી છે. જ્યાં પાલનપુર રેલવે સ્ટેશને ચાલુ નોકરીએ ઉપવાસ કરી ૬૬ કર્મચારીઓ લડત ચલાવી રહ્યા છે. જેમના આ ઉપવાસ હજુ આગામી ચોવીસ કલાક સુધી ચાલશે.

રેલવે વિભાગમાં ફરજ બજાવતાં ડ્રાયવર, ગાર્ડ સહિતના કર્મચારીઓને પીએફ તેમજ સાતમા પગાર પંચમાં અન્યાય થતાં સમગ્ર દેશમાં ઓલ ઈન્ડિયા લોકો રનિંગ સ્ટાફ એસોસીએશનના નેજા તળે ગાંધીગીરી આદરવામાં આવી છે. જે અંતર્ગત પાલનપુર રેલવે સ્ટેશને ૬૬ કર્મચારીઓ છેલ્લા ચોવીસ કલાકથી ચાલુ નોકરીએ ઉપવાસ ઉપર બેઠા છે. આ અંગે એન્જિન ડ્રાયવર પ્રેમસિંહએ જણાવ્યું હતુ કે,

ઉનાળાનો ધોમ ધખતો તાપ, શિયાળાની કડકડતી ઠંડી હોય કે પછી ચોમાસામાં મુશળધાર વરસાદ ગમે તેવી કપરી સ્થિતિમાં પણ ટ્રેનમાં બેઠેલા મુસાફરોની સલામતી માટે હંમેશા જાગૃત રહેતા ડ્રાયવર, ગાર્ડને સરકાર દ્વારા અન્યાય કરવામાં આવી રહ્યો છે. અમને સાતમા પગાર પંચ મુજબ દર કિલોમીટરે ૭૪૮ રૂપિયા મળવા જોઈએ તેના બદલે માત્ર ૨૫૨ રૂપિયા જ ચૂકવવામાં આવી રહ્યા છે. માટે આર. એ. સી. ૧૯૮૦ અનુસાર કિલોમીટર રેટ આપવા તેમજ આર. બી. ઈ. ૧૩/૨૦૧૮ અને તે પહેલા રિટાયર્ડ, રનીંગ કર્મચારીઓને પેન્શનમાં પણ અનેક મુશકેલીઓ છે. આ પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે પાલનપુર રેલવે સ્ટેશને રિયાજભાઈ હુસેન, છગનભાઈ (ગાર્ડ), પ્રદિપભાઈ વર્મા, મુકેશભાઈ વર્મા સહિત ૬૬ કર્મચારીઓ ભૂખ્યા રહીને રેલવેની સેવાને અસર ન થાય તે રીતે ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરી રહ્યા છીએ. આ ઉપવાસ હજુ પણ આગામી ચોવિસ કલાક સુધી ચાલુ રહેશે.

મહેસાણા જિલ્લા પંચાયત પ્રમુખ સામે ગંભીર આક્ષેપો

આજે મહેસાણા જિલ્લા પંચાયતમાં સમિતિની રચના કરવા મામલે એક સભ્યએ આજે ગરમાવો પેદા કર્યો હતો. સમિતિમાં મારૂ નામ ન દાખલ કરવા રાજીનામુ આપ્યુ હતુ પરંતુ પ્રમુખે આ પત્ર ન વાંચતા સભાખંડમાં ગરમાવો આવી ગયો હતો. મહેસાણા જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચના માટે ખાસ સાધારણ બોલાવવામાં આવી હતી. સાધારણ સભામાં કુલ ૬ સમિતિઓની રચના કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત સભા ખંડ યોજાયેલ સાધારણ સભામાં સમિતિઓની રચનામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ ચૂંટણી સ્વરૂપે કાર્યવાહી કરતા કોંગ્રેસ શાસિત પંચાયતમાં કોંગ્રેસના સદસ્યોએ વિરોધ કર્યો હતો. જ્યારે બીજી તરફ કાંસા એન.એ. બેઠકના સદસ્યએ ઉત્પાદન અને સહકાર સમિતિના સભ્યપદેથી રાજીનામુ આપી દેતા અને સભામાં વંચાણે લેવા રજુઆત કરી હતી અને વંચાણે એ પત્ર ન લેતા હંગામો કર્યો હતો અને જિલ્લા પંચાયત પ્રમુખ સામે ગંભીર આક્ષેપો પણ કર્યા હતા.

ખરીફ ઋતુનું વાવેતર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયાનું ખેતીવાડી વિભાગના સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે. ગુવાર, દિવેલા, મગફળી તેમજ બાજરીના પાકોનું વાવેતર આગામી દિવસોમાં વધુ થશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રોએ વ્યક્ત કરતાં જણાવ્યુ છે કે ચોમાસામાં વિલંબને કારણે વાવણી મોડી જરૂર થઈ છે પણ જેમ જેમ વરસાદી માહોલ જામશે તેમ તેમ વાવણીમાં વેગ આવશે અને સરેરાશ જે વાવેતર જિલ્લામાં થાય છે તે થશે. જિલ્લામાં ઘણા બધા ગ્રામ્ય વિસ્તારમાં દિવેલા અને અન્ય પાકોની વાવણી માટે ખેડકામ ચાલી રહ્યુ છે. ખેડૂતો પણ જમીનમાં ભેજ વધે તેની રાહ જોઈ રહ્યા હોવાનું ખેડૂત આગેવાનોએ પણ કબુલ્યુ છે. આ આગેવાનોએ કહ્યુ હતુ કે ભેજને કારણે પાકનો ઉગાવો સારો થતો હોય છે. વાવણી કાર્યમાં આગામી દિવસોમાં વેગ આવશે. કઠોળ પાક દિવેલા અને મગફળીનું વાવેતર વધશે. કપાસનું વાવેતર હવે વધવાની શક્યતા નહિવત્ હોવાનું પણ આગેવાનોએ સ્વીકાર્યું છે.

દુઃખનો ભાગીદાર છું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. સંસદમાં બેસીને આવી નકારાત્મક ચર્ચાઓ કરી દેશના જવાનોનું મનોબળ તોડવાનો કોઈને અધિકાર નથી. વિરોધપક્ષોએ મને કે સરકારને જે ગાળો દેવી હોય તે દઈ શકે છે પરંતુ દેશના જવાનોની નિષ્ઠા પર ક્યારેય સંશય વ્યક્ત ન કરવો જોઈએ સાથો સાથ સર્જીકલ સ્ટ્રાઈક સંદર્ભેની ટીકાઓને પણ મોદીએ આકરા શબ્દોમાં ફગાવીને જવાનોનું મનોબળ વધારવા અપીલ કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાની આગવી લાક્ષણિક શૈલીમાં રાહુલ ગાંધીની હરકતોનો પણ વ્યંગાત્મક જવાબ આપ્યા હતા. રાજકીય ઈતિહાસને ટાંકીને પ્રણવ મુખરજી, ચંદ્રશેખર, દેવગૌડા, આઈ. કે. ગુજરાલ, મોરારજી દેસાઈ, સુભાષચંદ્ર બોઝ જેવા મહાનુભાવોની કોંગ્રેસ શું સજા આપી શકે છે તેનાથી દેશ અવગત છે. અને એટલે જ તેમની આંખમાં આંખ મિલાવીને વાત કરવાની અમારી શક્તિ નથી. અમે તો કામદાર છીએ તેઓ તો નામદાર છે. હું ચોકીદાર છું, હું ભાગીદાર છું, પણ હું સોદાગર કે ઠેકેદાર નથી, હું ભાગીદાર છું દેશના ગરીબોના દુઃખનો ભાગીદાર છું, યુવાનોના સપનાનો ભાગીદાર છું, ખેડૂતોની પીડાનો ભાગીદાર હોવાનું મને ગૌરવ છે. પ્રધાનમંત્રીના સંબોધન સમયે ટીડીપીના સંસદસભ્યોએ 'વી વૉન્ટ જસ્ટીસ'ના સતત નારા કરીને અવરોધ પેદા કર્યો હતો. પ્રધાનમંત્રીએ પ્રવચનના અંતમાં છેલ્લા ચાર વર્ષ દરમિયાન મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ સાથે થયેલ વાતચીત અને પત્રવ્યવહારની વિગતો આપી આંધ્રપ્રદેશની પડખે કેન્દ્ર સરકાર રહેશે એવી ખાતરી આપી હતી.

નવા આવાસો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી થોડા સમય અગાઉ તંત્ર દ્વારા સેકટરોમાં સ્થિત ખાલી જગ્યાનો પણ અભ્યાસ કરી નકશો તૈયાર કરવામાં આવ્યો હતો. જેના અંતે નવા આવસો બાંધવા માટે સાઈટ નક્કી કરવા અભ્યાસ હાથ ધરાયો હતો. જયારે સેકટરોમાં ઉપલબ્ધ જગ્યા સંદર્ભે તંત્રએ નકશા તૈયાર કરી વિભાગના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પ્રેઝન્ટેશન પણ કરી દીધુ છે. જયારે આ મામલે બેઠકો અને ચર્ચા વિચારણાના અંતે સચિવાલય નજીકના સેકટરોમાં નવી આવાસ યોજના તૈયાર કરવા પણ વિચારણા ચાલી રહી છે. જો કે જુના સેકટરોમાં નવા આવાસો તૈયાર કરવા માટે પણ ટુંકમાં નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

હોબાળો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે બહારગામથી આવેલા વિદ્યાર્થીઓને પદવી ન મળતા નારાજગી વ્યાપી હતી. દુરના રાજયો અને શહેરોમાંથી આવતા ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓના ટોળાએ યુનિવર્સિટીમાં હોબાળો મચાવી જણાંવ્યુ હતુ કે અમે ફલાઈટ ટીકીટ અને હોટલનો ખર્ચો કરીને આવ્યા છીએ.. અમને ડી ગ્રી સર્ટીફીકેટ આપો.. આ દરમિયાન યુનિવર્સિટી કક્ષાએથી આગામી દિવસોમાં યોજાનારા સમારોહ દરમિયાન ડી ગ્રી આપીશુ તેમ જણાંવાતા બહારના રાજયોમાંથી દુરથી આવેલા વિદ્યાર્થીઓએ ટીકીટ અને હોટલ બુકીંગનો ખર્ચ પણ માથે પડયો હોવાની પસ્તાળ પાડી હતી. આખરે યુનિવર્સિટીએ થ્રી ટાયર એ સી ટીકીટ આપવાની ખાત્રી આપતા મામલો થાળે પડયો હતો.

વરસાદની જમાવટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. આખુ આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયુ હતુ. મોડી સાંજે ઘેરાયેલા વાદળો મનમુકી વરસી પડ્યા હતા. લગભગ પોણા કલાક સુધી ધોધમાર વરસાદ પડ્યો હતો. તે પછી વરસાદનુ જોર થોડુક ઘટ્યુ હતુ. તે પછી પણ છુટોછવાયો વરસાદ મોડી રાત સુધી પડતો રહ્યો હતો.

ઘણા દિવસો રાહ જોવડાવ્યા બાદ વરસાદ પડતા ગાંધીનગરાઓ ખુશખુશાલ થઈ ગયા હતા. શહેરીજનોએ વરસાદને માણ્યો હતો. ભજીયા, ગોટાની લારીઓ પર તડાકો પડ્યો હતો. જે જોરદાર ઝાંપટાના કારણે શહેરમાં ઘણા સ્થળોએ પાણી ભરાયા હતા. કોમન પ્લોટમાં જાણે તળાવ ભરાયુ હોય તેવા દેશ્યો સર્જાયા હતા. વાહનચાલકોને પણ તકલીફો વેઠવી પડી હતી.

હવામાન વિભાગ પાસેથી પ્રાપ્ત આંકડાઓ અનુસાર ગઈકાલે સાંજે પાંચ વાગ્યાથી આજ સાંજે પાંચ વાગ્યા સુધી શહેરમાં ૧૮ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. મોડી સાંજે પણ લગભગ અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. આગામી બે-ત્રણ દિવસોમાં હજુ ગાંધીનગર અને અમદાવાદમાં ભારે વરસાદ પડી શકે છે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

અધ્યક્ષ નારાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. કોઈ પણ બહારથી આવીને વ્યક્તિ આ બાબત અમને શિખવાડશે નહી. અમને એક સાંસદ તરીક પણ અમારી ગરિમા જાળવી રાખવાની જરૂર છે. સ્પીકરે કહ્યુ હતુ કે તમામ લોકો એકબીજા સાથે પ્રેમ સાથે રહે તે જરૂરી છે. રાહુલ ગાંધી તેમના પુત્ર સમાન છે. કોઈને ગળે મળવાની બાબત ખરાબ નથી પરંતુ ગૃહમાં ગરિમા જાળવવાની બાબત ખુબ જ મહત્વપૂર્ણ છે.

આક્રમક સંબોધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સળગતા મુદ્દા ઉઠાવ્યા હતા. રાહુલે રાફેલ ડિલથી લઈને દેશના અનેક હિસ્સાઓમાં થઈ રહેલી હિંસાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીને બોલવા માટે ૩૮ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો પરંતુ રાહુલે એક કલાક સુધી સંબોધન કર્યું હતું. આ ગાળા દરમિયાન રાહુલે વહેલી તકે બેસી જવાના પ્રયાસ પણ કર્યા ન હતા. રાહુલે ભાષણ દરમિયાન ખુબ જ આક્રમક વલણ અપનાવ્યું હતું.